સલામી સવારની..

સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

હાઈકુ

વ્યાપારના હથિયારે વિશ્વને હાકમાં રાખે છે,
આતંકી જેવી ધમકીથી સૌને ધાકમાં રાખે છે.
શાકમાં નાખે આખું કોળું ટ્રંપ વધારે સંબંધો -
વાંકમાં રાખે, તીખું તતડાવી, તાકમાં રાખે છે.
(અમેરિકાનું અસલ સ્વરૂપ)

જગત પર,
ટ્રંપનો છે વ્યાપારી
જોર-જૂલમ...

રાખે વિશ્વને
ટ્રંપનું ગાંઠપણ -
તોપની નોકે...

ચિંતન

યથા કાષ્ઠં ચ કાષ્ઠં ચ સમેયાતાં મહાર્ણવે ।
સમેત્ય તુ વ્યપેયાતાં કાલમાસાદ્ય કંચન ॥
એવ ભાર્યાશ્ચ પુત્રાશ્ચ જ્ઞાતશ્ચ વસૂનિ ચ ।
સમેત્ય વ્યધાવન્તિ ધ્રુવો વ્યોષાં વિનાભવઃ ॥

ઉપરોક્ત શ્લોક વાલ્મિકી રામાયણમાંથી લેવામાં આવેલ છે.

જેમ કાળે કરી મહાસમુદ્રમાં બે કાષ્ઠો એકઠા થઈ જાય છે. અને અલ્પ સમયમાં તે પાછા જુદા પડે છે, તેમ આ જગત વિષે કાળના યોગે કરીને જ સ્ત્રીઓ, પુત્રો, જ્ઞાતિ-સંબંધીઓ અને દ્રવ્ય વગેરે એકઠાં થાય છે અને જુદાં પણ પડે છે, કેમ કે જેનો સંયોગ થાય તેના અંતે તો અવશ્ય વિયોગ થાય છે જ.

સુવિચાર

- સફળતાની સફરમાં તડકો ઘણો કામ આવ્યો,
  છાંયડો જો મળ્યો હોય તો કદાચ સૂઈ ગયો હોત - **શેખર કપૂર**
- સ્વયંનો માઈનસ પોઈન્ટ ખબર હોવો એ બહુ મોટો પ્લસ પોઈન્ટ ગણાય - **એસ. ભટ્ટાચાર્ય**
- સંઘર્ષ પ્રકૃતિનું આણંત્રણ છે, એનો જે સ્વીકાર કરે એ જ આગળ વધે છે - **અમૃતબિંદુ**
- જયાં અંધકારનું ધુમ્મસ છવાયેલું હોય ત્યાં જ્ઞાનરૂપી વિમાન ઉતરી શકતું નથી - **સાધુ વિઠ્ઠલદાસ**
- સમય જેને સાથ આપે છે એ ભલભલાને માત આપે છે - **સૂર્યકાંત ત્રિપાઠી**
- બધા સાથી કામના, સૌનો પોતપોતાનો મોલ, જે સંકટમાં સાથ આપે,
  એ સૌથી અણમોલ - **હિતેન આનંદપરા**
- આજનું ઔષધ : દાઝ્યા ઉપર ગાયનું કે ભેંસનું છાણ લગાડવાથી બળતરા ઓછી થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

સાચો બ્રહ્મજ્ઞાની એ છે કે જે શરીરની ઈન્દ્રિયો પર અંકુશ રાખે. આવા એક સંત કે જે હંમેશા પ્રભુ સ્મરણમાં ખોવાયેલા રહેતા. ખૂબ ઓછું બોલતા. એક વાર તેઓ જંગલમાંથી પસાર થઈ રહ્યા હતા. એ વખતે માણસને ગુલામ તરીકે વેચનાર ટોળકીની નજર તેમના ઉપર પડી, સંતનું સ્વાસ્થ્ય જોઈ તેમણે વિચાર્યું કે આમને આપણે ગુલામ તરીકે પકડીને વેચીશું તો સારી એવી રકમ ઉપજશે. સંતને આ ટોળકીએ ઘેરી લીધા, સંતે કોઈ વિરોધ પણ ન કર્યો. સંતને દોરડે બાંધ્યા તો પણ સંતના મુખ પર કોઈ ભાવ ન આવ્યા. ટોળખીના સરદારે તેમને પૂછ્યું. 'અમે તમને ગુલામ બનાવીએ છીએ છતાં તમે ચૂપ છો અને કોઈ વિરોધ નથી કરતાં?' સંતે કહ્યું, 'મને કોઈ ગુલામ બનાવી શકે નહીં તો પણ હું શા માટે ખોટી ચિંતા કરું ?' ટોળકી તેમને મુખ્ય બજારમાં લઈ ગયા અને બૂમો પાડવા લાગ્યા. 'એક હુષ્ટપુષ્ટ ગુલામ લાવ્યા છીએ, જેને જરૂર હોય તે બોલી લગાવો...' આ સાંભલીને સંતે ખુદ મોટા અવાજે બૂમ પાડી કે, 'કોઈને માલિકની જરૂર હોય તો મને કરીદી લો. હું મારી ઈન્દ્રિયોનો માલિક છું. ગુલામ તો એ છે કે જે ઈન્દ્રિયોની પાછળ ભાગે છે અને આ નાશવંત શરીરને જ બધું સમજે છે.' સંતની આ વાત બજારમાં લોકો એ સાંભળી લોકો સમજી ગયા કે આ રીતે બૂમો પાડનાર ચોક્કસ કોઈ આત્મજ્ઞાની જ હોય, લોકોએ પેલા ટોળકીના સભ્યોને પડકાર્યો અને ભીડનો ગુસ્સો જોઈ તેઓ સંતને ત્યાં જ મૂકીને ભાગી ગયા.

રાજકારણમાં વધતી અસહિષ્ણુતા ચિંતાજનક

તંત્રીસ્થાનેથી...

કોણ જાણે કેમ ભારતીય રાજકારણીઓને માત્ર પોતાની જાતને જ કેન્દ્રમાં રાખીને રાજ કરવાનું ફાવી ગયું છે. પંડિત નહેરુ અને સરદાર પટેલ વચ્ચે પક્ષ અને વિપક્ષ જેવા મતભેદો હતા પરંતુ દેશની વાત આવે ત્યાં બેઉ એક જ સૂરમાં બોલતા હતા.ઈંદિરા ગાંધી અને મોરારજી દેસાઈ વચ્ચેના મતભેદો રાજકીય સ્પર્ધામાં ફેરવાઈ ગયા હતા. ઈંદિરાજી સામે સિનિયરોએ શરૂ કરેલી ઝુંબેશને દાબી દેવા કટોકટી દાલવા જેવું કડક પગલું ભરીને ઈંદિરા ગાંધીએ લોકશાહીના ઈતિહાસમાં કલંકરૂપ પ્રકરણ લખી દીધું હતું. આજે આટલાં વર્ષો પછી પણ મોદી અને એમની મંડળી એ કટોકટી કથાનું સ્મરપણ કરાવી પ્રજાને કોંગ્રેસ વિરુદ્ધ ભડકાવવાનો પ્રયાસ કરે છે. એ પગલું ભર્યા પછી ઈંદિરાને સત્તા છોડવી પડી હતી અને મોરારજી દેસાઈના વડપણ અને ઘડપણ હેઠળ પહેલી બિનકોંગ્રેસી સરકાર રચાઈ હતી જે માત્ર અઢી વરસ ચાલી શકી હતી. મોરારજીને હટાવીને સત્તા પર આવેલા ચરણસિંહ તો સંસદનો સામનો સુધ્ધાં નહોતા કરી શક્યા. વડાપ્રધાન નરેન્દ્ર મોદી કટોકટી પછી ઈંદિરા ગાંધીને હટાવવા એક મંચ પર આવેલ પ્રાદેશિક પક્ષો અને રાજકીય પરિબળો આજે પોતાને હટાવવા એ જ ઈંદિરાવાળી કોંગ્રેસની પડખે ભરાઈ રહ્યાં હોવાની રજૂઆત કરી છે ત્યારે એમણે વિચારવું જોઈતું હતું કે આવું પગલું ભરવા કોંગ્રેસથી દાઝેલા પ્રાદેશિક પક્ષો કેમ તૈયાર થયા હશે ? એમને નરેન્દ્ર મોદીમાં મોરારજી દેસાઈ કે અટલ બિહારી વાજપેયી નથી દેખાતા બલકે ઈંદિરા ગાંધીની આપખુદશાહીનું જ પ્રતિબિંબ દેખાય છે. એથી સ્તો બધા મને કમને એક પ્લેટફોર્મ પર આવવા તૈયાર થયા છે. મોદી શાસન દરેક કાર્યનો જશ પોતાના ખાતે ચડાવવાનું કુકૃત્ય કરતું રહ્યું છે. દેશમાં અત્યાર સુધી બધું ખોટું જ ચાલતું રહ્યું હતું, એવી વાહિયાત વાત કોઈ મૂરખના ગળે પણ નહીં ઊતરી શકે. વળી સર્જિકલ સ્ટ્રાઈલ જેવા એકવીસ માસ પહેલાનાં બનાવનો રાજકીય લાભ ખાટવાનો પ્રયાસ પણ વખોડવાપાત્ર છે. કોંગ્રેસના શાસન દરમિયાન પણ આવી સૈનિક પરાક્રમની ઘટનાઓ નોંધાયેલી છે. પરંતુ પાર્ટીએ એનો રાજકીય ઉપયોગ કયારેય નહોતો કર્યો. દેશને અણુ શક્તિમાન બનાવવાથી લઈ પાકિસ્તાનની આખેઆખી પાંખ તોડી નાખવાનું સૈનિક પરાક્રમ ઈંદિરા ગાંધીના જ સમયમાં થયું હતું. કૉમ્પ્યુટર ક્રાંતિના જનક સામ પિત્રોડા છે અને રાજીવ ગાંધી જ એમને ભારત લઈ આવ્યા હતા. વિશ્વ સાથે ખુલ્લો વેપાર કરવા માટેની અર્થનીતિ નરસિંહરાવના નાણામંત્રી મનમોહનસિંહ લાવ્યા હતા. આ તમામની સામે મોદી શાસનની ઉપલબ્ધિઓ કેટલી વામળી લાગે ! કાશ્મીરનીતિ કે પાડોશી દેશો સાથેની કૂટનીતિમાં નરી નિષ્ફળતા અને બેફામ બેરોજગારી, મોંઘવારી વચ્ચે વડાપ્રધાનના મોંઘાદાટ વિદેશપ્રવાસ જોઈ જોઈને પ્રજા થાકી ન જાય તો જ નવાઈ. રહ્યો છે એક માત્ર રામમંદિરનો મુદ્દો. કબીરની ટોપી પણ નહીં પહેરીને મોદીના લાડકા મુખ્યમંત્રીએ બિનસાંપ્રદાયિકતાનું કેવું ઉદાહરણ પ્રસ્તુત કર્યું છે ! કોંગ્રેસને સારી કહેવડાવવામાં મોદી શાસને કંઈ બાકી રાખ્યું છે ખરું ?

ધન ચાલ્યું જવાથી મારા પ્રતિ સજ્જનોની મિત્રતા શિથિલ થતી જાય છે

ડાયલોગથી દેવભાષા
ડો. જય ઓઝા

ગરીબી તોડ દેતી હૈ જો રીશતે ખાક હોતે હૈ,
ઔર પરાયે અપને હોતે હૈ જબ પૈસે હોતે હૈ...
- ગેંગ્સ ઑફ વાસેપુર-૨

ઝૈશાન કાદરી દ્વારા લિખિત આ સંવાદ નવાઝુદ્દીન સિદ્દીકી પર ફિલ્માવાયો છે... અમીરી ગરીબીનો સનાતન અફર નિયમ આપણે સહુ જાણીએ છીએ.... જીવનમાં ઘણા સંબંધો માત્ર પૈસાના જોરે ચાલતા હોય છે... સંપત્તિ ગઈ કે કહેવાતા પોતિકા લોકો પણ સાથ છોડી દેતા હોય છે... સંબંધો માટીપગા થઈ જતા હોય છે...

ઈ.સ.ની આશરે છઠ્ઠી સદીમાં શુદ્રકનામક સંસ્કૃત સાહિત્યકારે 'મૃચ્છકટિકમ્' નામક અમર કૃતિની રચના કરી.... જેના પરથી શશીકપૂરે 'ઉત્સવ'નામની ફિલ્મ પણ બનાવી હતી... આ મૃચ્છકટિકમમાં નાટકનો દરિદ્ર નાયક ચારુદત્ત તેની દારુણ સ્થિતિ વર્ણવતો એક શ્લોક બોલે છે...

સત્યં મે ધનવિનાશગતા વિચિન્તા
ભાગ્યક્રમેણ હિ ધનાનિ પુનર્ભવન્તિ ।
એતત્, તુ મામ્ દહતિ નષ્ટધનસ્ત્રિયો મે
યત્સૌહૃદાનિ સુજને સિથિલી ભવન્તિ ॥

- સાચે જ ધનનો નાશ થવાથી મને કોઈ ચિંતા નથી. ભાગ્ય ફરતા જ ધન તો ફરી મળી જશે... મને વિશેષ દુઃખ એ વાતનું છે કે ધન ચાલ્યું જવાથી મારા પ્રતિ સજ્જનોની મિત્રતા શિથિલ થતી જાય છે...

ખરું કહેવાય નહીં ! છેક આજથી ૧૪૦૦ વર્ષ પહેલા શુદ્રકે જે લખ્યું તે આજે પણ પ્રસ્તુત છે...

શિક્ષણના વર્તમાન પ્રશ્નો અંગે વ્યાખ્યાન

સાહિત્ય વૃત્ત
મૂળજીભાઈ પરમાર 'દધિ'

વૃત્તસંચય

● ગાંધીનગર સાહિત્યસભાના કોષાધ્યક્ષ અને ચરિત્ર અભિનેતા હસમુખ મેંકવાનના નાટ્યકલા ક્ષેત્રે વિશિષ્ટ યોગદાન-પ્રદાન બદલ, તેમને નડિયાદ શહેર તાલુકા પેન્શનર ફોરમ દ્વારા, સંસ્થાના પ્રમુખ કે.પી. ભટ્ટ દ્વારા 'કલારત્ન એવોર્ડ-૨૦૧૮' ૨૩મી જુન ૨૦૧૮ આંબેડકર હૉલ, નડિયાદ ખાતે નવમા વાર્ષિક અધિવેશનમાં નવાજવામાં આવ્યા હતા. નગર તથા ગાંધીનગર સાહિત્યસભા માટે આ એક ગૌરવપૂર્ણ બાબત લેખી શકાય. હસમુખ મેંકવાનને ખૂબ અભિનંદન.

● 'મારી ભાષા, મારું ગૌરવ'ની ઉક્તિને સાર્થક કરતા બાળ વિશ્વવિદ્યાલયના પૂર્વ કુલપતિ હર્ષદ પ્ર. શાહની અધ્યક્ષતામાં 'માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાન'ની કરાયેલ શરુઆય અન્વયેના કાર્યક્રમ અંતર્ગત તા. ૨૪મી જુન ૨૦૧૮ ગુજરાતી ભાષા સંવર્ધન, સજ્જતા અને સંરક્ષણનું કાર્ય કરવા એક કાર્યશાળાનું આયોજન કરાયું હતું. જેમાં ડૉ. રાજીવ પ્રસાદ, કવિ ભાગ્યેશ જહા અને મહેસાણાથી નિવૃત્ત આચાર્ય જેઠાભી પટેલ ખાસ ઉપસ્થિત રહી, વ્યાકરણ સુધારવાની તથા ગુજરાતી ભાષાના મહાત્મ્ય સાથે તેનો વ્યાપ કેવી રીતે વધારી શકાય તેની માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં નટવર હેડાઉ, સંજય થોરાત,કિશોર જીકાદરા, ડૉ. કનૈયાલાલ ભટ્ટ, સંજય થોરાત, ડૉ. જય ઓઝા, ઉર્વિ અમીન અને ગુજરાત માતૃભાષા પ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા.

● શિક્ષણ, સાહિત્ય અને સમાજને સાંકળતી, ત્રિસ્તરીય કાર્યરત સંસ્થા 'ત્રિદલ'ના ઉપક્રમે તા. ૨૪મી જુન ૨૦૧૮ને રવિવારના રોજ, નમન એપાર્ટમેન્ટ, સેક્ટર-૨૧ ખાતે, સંસ્થાન પ્રમુખ ભાનુપ્રસાદ પુરાણીના અધ્યક્ષસ્થાને ડૉ. સોમભાઈ પટેલે 'શિક્ષણના વર્તમાન પ્રશ્નો અને ઉકેલની દિશા' વિષયે વ્યાખ્યાન આપ્યું હતું અને પ્રવર્તમાન શિક્ષણ પદ્ધતિ અન્વયે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. અધ્યક્ષસ્થાનેથી ભાનુપ્રસાદ પુરાણીએ જણાવ્યું હતું કે, અગાઉ સાહિત્ય અને આજે શિક્ષણ અન્વયે કાર્યક્રમો થયા હવે આગામી કાર્યક્રમ સમાજ સાથે સંકળાયેલ બાબતે રહેશે.

સંવેદનશીલતા : સ્વસ્થ સમાજની પૂર્વશરત

ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

સમાજમાં સંવેદનશીલતાનો જાણે દુષ્કાળ પડ્યો હોય તેવું કોઈક સમાચાર વાંચતા હોઈએ ત્યારે અનુભવી શકાય છે. કોઈ વ્યક્તિ કોઈક અંગત કારણોસર કે કદાચ વિકૃતિને કારણે નજીકના લોકોનીજ હત્યા કરે ત્યારે માનવતાના મૂળ હચમચી જતા દેખાય છે. દરેક વ્યક્તિને સમૃધ્ધ થવું છે જે આવકાર્ય છે. પરંતુ કોઈપણ રીતે ઝડપભેર સમૃધ્ધ થવાની ઘેલછા ક્યારેક આઘાતજનક તથા અનિષ્ટ પરિણામો લાવે છે. સોસીયલ મીડીયાને કારણે વ્યક્તિઓ વચ્ચેના સમાચારોની આપલે મોટા પ્રમાણમાં વધી છે. પરંતુ તેનાથી એક માનવીનું બીજા માનવી સાથેનું ખરા અર્થમાં જોડાણ વધી શક્યું નથી. કુટુંબના સભ્યો પણ એક છતની નીચે રહેતા હોવા છતાં અંતરના ઉલ્લાસ કે વેદનાની વહેંચણી એકબીજા સાથે કરવા માટે જાણે અસમર્થ થયા છે. એક મોટો વર્ગ તો પેટ પૂરતું ભોજન તથા જીવન જીવી જવા માટેની પ્રાથમિક જરૂરિયાતો ભેગી કરવામાંજ હાંફી જતો હોય તેમ જણાય છે. એક બીજો વર્ગ જે સમૃધ્ધ છે તેની સંવેદનશીલતાની ભીનાશ વંચિતોના મોટા સમૂહ તરફ વહેતી હોય એવું કવચિત્ જ જોવા મળે છે. માનવીનું મન જયારે વિક્ષૂબ્ધ હોય ત્યારે સમાજ તથા નગરમાં સ્વસ્થતા તથા સંવાદિતાનુંદર્શન થતું નથી. નિદા ફાઝલીના સુંદર તથા અર્થસભર શબ્દોમાં આ વાતનો નિર્દેશ છે તે સ્મૃતિમાં આવે છે :

સીનેમે જલન આંખોમેં
તુફાનસા ક્યું હૈ ?
ઈસ શહેરમેં હર શખ્સ
પરેશાન સા ક્યું હૈ ?

આ સંદર્ભમાં ''અનીલ'' નો પણ એક પ્રસિધ્ધ શેર યાદ આવે છે :

નથી એક માનવ
બીજા માનવ સુધી પહોંચ્યો,
'અનીલ' મેં સાંભળ્યું છે
ક્યારનો બંધાય છે રસ્તો.

જો કે સ્થિતિની આ ગંભીરતા વચ્ચે પણ માનવીય સંવેદનાનો ભાવ પૂર્ણતઃ લૂપ્તપ્રાય થયો નથી તેમ જરૂર કહી શકાય. ખાસ કરીને કોઈક પ્રદેશના લોકો જયારે કુદરતી આપત્તિમાં સપડાય છે ત્યારે આજે પણ વિશાળ લોકસમુહની સહાનુભૂતિ અને સહાયનો ધોધ આપત્તિગ્રસ્ત ભાંડુઓ તરફ ખૂબજ ઉદારતાથી વહેતો જોવા મળે છે. આવો ભાવ સાતત્યપૂર્ણ રહે તો આજની સ્થિતિમાં ઘણાં મોટા અને સાચી દિશાના સુધારા માટે અવકાશ રહે છે. દરેક વ્યક્તિ કોઈ મોટું સખાવતી કાર્ય કરે તેવી અપેક્ષા અસ્થાને છે. પરંતુ આપણે સૌ આપણી આસપાસના લોકો તરફ ઉષ્મા તેમજ લાગણીના દ્રષ્ટિબીંદુથી જોતાં તેમજ સમજતા સીખીએ તો પણ જીવતરમાં અમી ઓડકારની પ્રતિતિ કરી શકીએ છીએ. આવી તૃપ્તિ ગમે તેટલા નાણાં ખર્ચીને પણ ખરીદી શકાતી નથી.

આવી કોઈ વિચાર પ્રક્રિયા વ્યક્તિગત કે સામૂહિક રીતે ચાલતી હોય ત્યારે સહેજે મહાત્મા ગાંધીના આ સંદર્ભના જીવન પ્રસંગો કે ઘટનાઓ યાદ આવે. ગાંધીનું જીવન એ સંવેદનશીલતાના ગુરૂશિખર સમાન હતું. બાપુના આશ્રમમાં રહેતા વિજયાબેન મનુભાઈ પંચોળીએ એક પ્રસંગ લખેલો છે જે કાન માંડીને સાંભળવા જેવો છે અને પચાવવા જેવો છે.

વિજયાબેન લખે છે :

બાપુના સેવાગ્રામ આશ્રમમાં ત્રણ-ચાર કિશોરો કાંતવાનું તથા પીંજવાનું કામ શીખવા માટે આવતા હતા. છોકરાઓ સવારે આવે ત્યારે જમવાનું ટીફીન સાથે લઈને આવે. બપોરના સમયે આશ્રમના કૂવા પાસે બેસીને ભોજન કરે. મનુબહેન એ સમયે ત્યાં કપડા ધોવા માટે જાય. છોકરાઓને મનુબહેન પૂછે કે તેઓ શું ખાય છે. છોકરાઓ જવાબ આપે કે જુવારનો રોટલો તથા બાફેલી દાળ તેઓ ખાય છે. આવો સંવાદ સામાન્ય રીતે દરરોજ થાય. એક વખત બાપુએ મનુબહેનને પૂછ્યું : '' વિજયા, આપણે ત્યાં આશ્રમમાં છાશ હોય છે ? '' વિજયાબેહેને ઉત્તર આપ્યો કે છાશ તો ઘણી હોય છે. આથી બાપુએ સૂચના આપી : ''પેલા છોકરાઓ જે કૂવા પાસે બેસીને જમે છે તેમને કાલથી છાશ આપજે.'' બાળકો લૂખું થાય અને ગાંધીની સંવેદનશીલતા મૂંગી રહે તેવું કેમ બને ! એકવાર સૂચના આપ્યા પછી ભૂલી જનાર આ મહાત્મા ન હતા. તેમણે ત્રીજા દિવસે મનુબહેનને પૂછ્યું : '' તું પેલા છોકરાઓને છાશ આપે છેને ? '' હવે મનુબહેન મૂંઝવણમાં પડ્યા. તેમણે બાપુની સૂચનાનો અમલ કર્યો ન હતો. મનુબહેને દબાતા સ્વરે જવાબ આપ્યો : ''ના બાપુ, મેં છોકરાઓને છાશ આપી નથી. હું તો તેમ કરવાનું ભૂલી ગઈ.'' હવે આ મહામાનવ ગાંધી જે કહે છે તે સાંભળવા જેવું છે. બાપુ કહે : ''મનુ, તું ભૂલી તો નથી તારામાં ભૂલવાનો અવગુણ નથી. કારણ કે તું મારી સેવાના દરેક કામ ભૂલ્યા વગર ચોકસાઈથી કરે છે. તું જે ભૂલી છે તે આપણી ગરીબો તરફની બેદરકારી સૂચવે છે. છોકરાઓ લૂખું કે સૂકું ખાય તેમાં આપણે શું ?'' ગાંધીના આ શબ્દો અને તેમાં છૂપાયેલી વેદનાને મનુબહેન સારી રીતે સમજી શક્યા, અનુભવી શક્યા. ઘટના કદાચ નાની લાગે પરંતુ તેમાં ગાંધીજીનો સંવેદનશીલતાથી છલોછલ સ્વભાવ નજર સમક્ષ સ્પષ્ટ થાય છે. સમગ્ર મહાભારતના યુધ્ધના નાયક તથા મથુરાના મોહનની યુધ્ધભૂમિમાં રહેલી ટીંટોડીના બચ્ચાને બચાવવાની સંવેદનશીલ વૃત્તિની વાતનું અહીં પોરબંદરના મોહનમાં દર્શન થાય છે. જ્યાં પણ જેટલું કરી શકીએ તેટલું આપણું સંવેદનાયુક્ત વર્તન સમાજની સ્વસ્થતા મજબૂત કરવામાં ઉપયોગી થશે. આવું કાર્ય કરતાં મળતો આપણો સંતોષ એ ચોખ્ખા નફામાં રહેશે.

મહાત્માજી કપડાં અપાવે એટલે હું રોજ ન્હાવાને કપડાં બદલવા તૈયાર થઈ જઈશ

નિર્દોષ ગ્રામ્ય નારીના કહેણે ગાંધીજી આખી જિંદગી લંગોટી ભેર રહ્યા

ગાંધી ૧૦૦
ડો. રાજેન્દ્ર જાની

ચંપારણમાં ગળીનો ડાઘ અને નીલવરોનો ત્રાસ દૂર કરવા માટે ગાંધીજીએ વિવિધ કામો હાથ ધર્યા જેમાં ગરીબ બાળકો માટે ગામડાઓમાં શાળાઓ અને રોગચાળો નાબૂદ કરવા સુધરાઈના કામો શરૂ કર્યા. પણ સુધરાઈનું કામ અત્યંત કઠીન હતું. લોકો ગંદકી દૂર કરવા તૈયાર જ ન હતા. ખેતરમાં મજૂરી કરતા લોકો પણ પોતાના હાથે 'મેલુ' સાફ કરવાની તૈયારી નહોતા દર્શાવતા (સત્યના પ્રયોગો, પૃષ્ઠ : ૩૮૯) મજૂરીનું કામ કરવામાં નાનપ ન હતી. પરંતુ પોતાનું જે શૌચાલય સાફ કરવામાં શરમ અનુભવાતી હતી. લગભગ આ પરિસ્થિતિ ભારતના તમામ ગામડાઓની હતી, ગાંધીએ ગામડાની ગંદકી ઉલેચવાનો કાર્યક્રમ ચંપારણમાં શરૂ કરીને નવી દિશા ગ્રામ વિકાસ માટે ખોલી આપી હતી. લોકશાહી દેશમાં સરકાર તો કરે પણ સાથે સાથે લોકો પણ સ્વયં કામે જોડાય તો સાચો વિકાસ થાય એવો આદર્શ જોવામાં આવે છે. એક સદી પહેલાં ગાંધીએ આવા વિકાસ કાર્યક્રમોમાં 'લોક સહભાગીતા' દાખલ કરી હતી, એ પણ એક પણ પાઈ-પૈસાની ગ્રાંટ વગર દાખલ કરી દીધી હતી.

ગાંધી લાંબાલચક ભાષણો કર્યા વગર જે પ્રશ્ન ઉકેલવો હોય તેના માટે પોતે જાતે જ કામમાં જાત પરોવી દેતા હતા. જો સફાઈ સ્વચ્છતાનું કામ તેઓ હાથ ઉપર લે તો ઝાડુ, સાવરણો કે ડોલ હાથમાં જ લઈને સફાઈ અભિયાન હાથ ધરતા હતા. એમની સાથે જોડાતા સ્વયંસેવકો પણ અદ્દલોઅદ્દલ ગાંધીજીની જેમ જ કાર્ય કરતા હતા. ચંપારણના ગામોમાં આરોગ્ય સેવા આપવા માટે આવેલા ડૉકટર દેવે પણ સફાઈ. સ્વચ્છતાના કાર્યોમાં ઝુકાવી દીધુ હતું. ગામડાના લોકો પોતાના ઘર કે ગામોમાં જ સફાઈ કરવા તૈયાર થતા ન હતા. આ જાણીને ડૉ. દેવે જાતે જ સ્વયંસેવકોના સથવારે એક ગામના રસ્તા સાફ કર્યા, લોકોનાં ચંપારણમાંથી કચરા કાઢ્યા, કૂવાની આસપાસના ખાડા પૂર્યા, કાદવ કાઢ્યો. ગામ લોકોને આવા કામમાં જોડાવા અને સ્વયંસેવકો આપવા પ્રેમપૂર્વક તેઓ સમજાવતા રહ્યા. આની અસર પણ ઘણા ગામોમાં થઈ લોકો શરમના માર્યા સાફ-સફાઈ કરતા થયા. કેટલાક ગામોમાં તો ગાંધીજીની મોટર પસાર થાય તે માટે સડકો પણ જાતમહેનતથી બનાવી દીધી હતી. ઘણા મીઠા અનુભવો ગાંધીજી અને તેમની સ્વયંસેવકોની ટીમને મળ્યા હતા. તો એની સાથે સાથે લોકોની બેદરકારીના કડવા અનુભવો પણ થયા હતા. ગ્રામ સુધારાની વાતો સાંભલીને ઘણા ગ્રામજનોને અણગમો પણ વ્યક્ત કર્યો હતો.

ગાંધીજીએ ચંપારણના ગામોમાં શિક્ષણ, સ્વચ્છતાનું કામ શરૂ કરવા સ્ત્રીઓ મારફત પ્રવેશ કરવાનો વિચાર અમલી બનાવ્યો હતો. હિંદુસ્તાનની ગ્રામીણ મહિલાઓને ઘરની ચાર દિવાલોમાંથી બહાર લાવવાનું કામ આ રીતે તેમને શરુ કર્યું હતું.

ચંપારણનું એક નાનકડું ગામડું છે - 'હીતિહરવા'. એની પાસે બીજું સાવ નાનકડું ગામ છે. ગાંધીજીએ ગ્રામ પરિભ્રમણ દરમિયાન એવું જોયું હતું કે આ નાનકડા ગામની બહેનોના કપડા બહુ મેલા હતા. આથી ગાંધીજીએ આ બહેનો કપડાં ધોવાં બદલવાનું સમજાવવાનું કામ કસ્તુરબાને સોંપ્યું.

કસ્તુરબાએ આ બધી બહેનો સાથે બેઠક કરીને સમજાવવાનું કામ શરુ કર્યું. ત્યારે ત્યાં હાજર બહેનોમાંથી એક બહેન કસ્તુરબાને પોતાની ઝૂંપડીમાં લઈ ગયા ને બોલી : 'તમે જુઓ અહીં કંઈ પેટીકબાટ નથી કે જેમાં કપડાં હોય. મારી પાસે આ મેં પહેરી છે તે જ સાડી છે. તેને હું કઈ રીતે ધોઈ શકું ? મહાત્માજીને કહો કે તે કપડા અપાવે એટલે હું રોજ નાહવાને રોજ કપડાં બદલવા તૈયાર થઈશ.'

આ વાત પછી નો ઈતિહાસ તો આખી દુનિયા જાણે છે. એક જ સાડી જેની પાસે છે એવી ગરીબ ગ્રામ્ય નારીની અત્યંત પીડાદાયક વાત પછી ગાંધીએ પોતાના પહેરવેશમાં લંગોટી - કે કચ્છ જ રાખ્ય અને બ્રિટીશ વડાપ્રધાન વિન્સન્ટ ચર્ચિલે તેમને 'અર્ધનગ્ન ફકીર' જેવા શબ્દથી પોંખ્યા હતા. નવજવાન ડોસાએ જીવન પર તેના શરીર પર માત્ર લંગોટી જ વીંટાળીને ગ્રામીણ મહિલાની સાચી વેદનાને હૈયા સોંસરવી જીવી જાણી હતી. સ્વચ્છતા સાફ-સફાઈ અવિખ્યાનોમાં આવી વાતોને પણ આપણે સામેલ કરવી જોઈએ એવી આઝાદ ભારતની પરિસ્થિતિ આજે પણ છે. ગાંધીજીએ 'ભીતિહરવા'ની એ ઘટના પછી લખ્યું હતું : 'આવા ઝૂંપડા હિંદુસ્તાનમાં અપવાદરૂપ નથી. અસંખ્ય ઝૂંપડામાં રાચરચીલું, પેટી પટારા, લૂંગટાલત્તા નથી હોતાં અને અસંખ્ય માણસો માત્ર પહેરેલા કપડા ઉપર પોતાનો જીવન નિર્વાહ કરે છે.' - ગાંધીજીએ આત્મકથામાં લખેલી વાત આજે પણ એવીને એવી જોવા મળતી હોય તો આપણે સહિયારા પ્રયાસો થકી દૂર કરવી જ રહી.

(લેખક સમાજશાસ્ત્રના સહપ્રાધ્યાપક છે.)